# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-06-2024** **Morning : 7.45 to 7.55**
**Day : Thursday** **National News**

**આકાશવાણી સમાચાર સિમ્પલ ઠક્કર વાંચે છે.**

***************************************************

- ✓ કેન્દ્ર સરકારે ડાંગર, કપાસ, બાજરી સહિત 14 ખરીફ પાકનાં લઘુતમ ટેકાનાં ભાવ વધાર્યા
- ✓ યુજીસી-નેટ પરિક્ષા રદ કરવાનો કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયનો નિર્ણયઃ સીબીઆઇને તપાસ સોંપવામાં આવી
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જમ્મુ કાશ્મીરની મુલાકાતે - એક હજાર પાંચસો કરોડ રૂપિયાનાં વિકાસ કામોનું ખાતમૂહુર્ત કરશે
- ✓ વિદેશમંત્રી એસ જયશંકર આજે શ્રીલંકાનાં પ્રવાસે
- ✓ આઇસીસી ટી 20 વિશ્વકપ સ્પર્ધામાં આજે ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે મેચ રમાશે
- ✓ ટેનિસની ક્વિન્સ ક્લબ ચેમ્પિયનશીપમાં ભારતનાં રોહન બોપન્ના અને મેથ્યુ એબ્ડેનનો પુરુષ ડબલ્સની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# CABINET DECISIONS

નવી દિલ્હીમાં ગઈકાલે મીડિયાને સંબોધતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, કેબિનેટે માર્કેટિંગ સીઝન 2024-25 માટે 14 ખરીફ પાક માટે લઘુત્તમ ટેકાના ભાવ (MSP)ને મંજૂરી આપવામાં આવી છે. તેમણે વધુમાં કહ્યું કે, ડાંગર, કપાસ, બાજરી, કઠોળ, તેલીબિયાં માટે MSPમાં નોંધપાત્ર વધારાથી ખેડૂતોને ફાયદો થશે.

શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે, સરકારે પ્રથમ ઓફશોર વિન્ડ ટર્મિનલ વિકસાવવાનું નક્કી કર્યું છે. તેમણે કહ્યું કે, ગુજરાત અને તમિલનાડુમાં 500મેગા વોટની ક્ષમતા ધરાવતા બે પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે. આ સાથે મહારાષ્ટ્રમાં વાધવન બંદર અને વારાણસીમાં લાલ બહાદુરશાસ્ત્રી આંતરરાષ્ટ્રીય એરપોર્ટના વિકાસને પણ મંજૂરી આપી છે. તેમણે કહ્યું કે, એરપોર્ટને ગ્રીન એરપોર્ટ તરીકે વિકસાવવામાં આવશે અને પર્યાવરણીય ટકાઉપણું સુનિશ્ચિત કરવામાં આવશે..

# PM--CABINET.rtf

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેન્દ્રીય કેબિનેટના નિર્ણયોની પ્રશંસા કરી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે કહ્યું કે સરકાર ખેડૂતોના કલ્યાણ માટે સતત પગલાં લઈ રહી છે. શ્રી મોદીએ કહ્યું કે સરકાર સમગ્ર દેશમાં કનેક્ટિવિટી વધારવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું કે વારાણસી એરપોર્ટના વિકાસથી લોકોનું જીવન સરળ બનશે અને કાશી જનારા તીર્થયાત્રીઓને ઘણી સુવિધા મળશે.

શ્રી મોદીએ એમ પણ કહ્યું હતું કે ગુજરાત અને તમિલનાડુના દરિયાકાંઠે પવન પરિયોજનાઓને મંજૂરી મળવાથી દેશની પુનઃપ્રાપ્ય ઉર્જા ક્ષમતામાં વધારો થશે, કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જન ઘટશે અને નોકરીઓનું સર્જન થશે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે મહારાષ્ટ્રના વાધવનમાં મુખ્ય બંદર વિકસાવવાના નિર્ણયથી આર્થિક ગતિને વેગ મળશે અને મોટા પાયે રોજગારીની તકો ઊભી થશે.

# SHAH-CABINET

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કેબિનેટ બેઠકમાં લીધેલા નિર્ણયોની પ્રશંસા કરી છે. સોશિયલ મીડિયા પોસ્ટ્સની શ્રેણીમાં,શ્રી શાહે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની એનડીએ સરકાર ખેડૂતોના કલ્યાણ અને સમૃદ્ધિ માટે પ્રતિબદ્ધ છે.

મહારાષ્ટ્રમાં વાધવન પોર્ટ પ્રોજેકટને મંજૂરી મળતા તેમણે કહ્યું કે, દેશની દરિયાઇ ક્ષમતાનો હવે સંપૂર્ણ લાભ ઉઠાવી શકાશે. દેશભરમાં અત્યાધુનિક ફોરેન્સિક પ્રયોગશાળાઓ અને રાષ્ટ્રીય ન્યાયિક વિજ્ઞાન યુનિવર્સિટી સ્થાપિત કરીને ન્યાય પ્રણાલીને મજબૂત કરવા સીમાચિહ્નરૂપ નિર્ણય લેવા બદલ પ્રધાનમંત્રીનો આભાર પણ માન્યો હતો.

# UGC-NET

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન- નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ (યુજીસી-નેટ) 2024 પરિક્ષા રદ કરવાનો નિર્ણય લીધો છે. ગૃહ મંત્રાલય હેઠળનાં ભારતીય સાઇબર ગુના સંકલન કેન્દ્રએ આપેલી સૂચનાને આધારે આ નિર્ણય લેવામાં આવ્યો છે. પરીક્ષાની પ્રામાણિકતા સાથે સમાધાન થયું હોવાનાં પ્રાથમિક સંકેતોને પગલે શિક્ષણ મંત્રાલયે આ નિર્ણય લીધો છે. હવે નવેસરથી પરીક્ષા લેવામાં આવશે, જેની માહીતી હવે પછી આપવામાં આવશે. આ પ્રકરણમાં વધુ તપાસ માટે સીબીઆઇને સોંપવામાં આવી છે.

સરકાર વિદ્યાર્થીઓનાં હિતોનું રક્ષણ કરવા અને પરીક્ષાની પવિત્રતા સુનિશ્ચિત કરવા પ્રતિબધ્ધ છે એમ યાદીમાં જણાવવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે મંગળવારે દેશભરનાં 317 શહેરોમાં નવ લાખથી વધુ વિદ્યાર્થીઓએ યુજીસી-નેટ પરીક્ષા આપી હતી. આ પરીક્ષા નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા હાથ ધરવામાં આવે છે. અગાઉ, મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની નીટ પરીક્ષામાં કથિત ગેરરિતીને પગલે તપાસનાં આદેશ આપવામાં આવ્યા છે

# PM - J&K VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે તેમની જમ્મુ અને કાશ્મીરની મુલાકાત દરમિયાન એક હજાર 500 કરોડ રૂપિયાના 84 વિકાસકામોનું ખાતમૂહુર્ત અને ઉદઘાટન કરશે. તેઓ આજે શ્રીનગરમાં યોજાનાર જમ્મુ અને કાશ્મીરમાં પરિવર્તન લાવવા યુવાનોને અધિકાર સંપન્ન બનાવવા અંગેની ઇવેન્ટમાં જોડાશે.

આ પ્રસંગે તેઓ સરકારી સેવામાં નિયુક્તિ પામેલા બે હજારથી વધુ યુવાનોને નિમણુંકપત્રો એનાયત કરશે. પ્રધાનમંત્રી 1 હજાર 800 કરોડ રૂપિયાના ખર્ચના કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં સ્પર્ધાત્મક સુધારા કાર્યક્રમનો આરંભ કરાવશે.

એકવીસમી જૂને શ્રીનગરમાં યોજાનાર આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જોડાશે અને ઉપસ્થિતોને સંબોધન કરશે.

# S.JAYSHANKAR IN SHRILANKA

વિદેશ મંત્રી એસ જયશંકર આજે શ્રીલંકાની સત્તાવાર મુલાકાતે કોલંબો પહોંચશે. આ દરમિયાન ડૉ. જયશંકર દ્વિપક્ષીય ભાગીદારીના વ્યાપક મુદ્દાઓ પર શ્રીલંકાના ટોચના નેતૃત્વ સાથે બેઠક કરશે... પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નવી સરકાર બન્યા બાદ વિદેશ મંત્રીની આ પ્રથમ મુલાકાત હશે.

આ મુલાકાત ભારતની પ્રથમ પાડોશી પોલિસી અને પાડોશી મિત્ર તરીકે શ્રીલંકા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ મુલાકાત કનેક્ટિવિટી પ્રોજેક્ટને વેગ આપશે અનેતમામ ક્ષેત્રોમાં પરસ્પર લાભદાયી સહકાર આપશે.

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# prsident dropadi murmu

આજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનો જન્મદિવસ છે. ભૂતપુર્વ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ રાષ્ટ્રપતિની લીધેલી મુલાકાતનું આકાશવાણી પરથી પ્રસારણ કરવામાં કરાશે.

આ પ્રસારણ સવારે 8.45 વાગ્યે આકાશવાણી ગોલ્ડ અને આકાશવાણીના સમગ્ર રાષ્ટ્રીય નેટવર્ક પર સાંભળી શકાશે.

આકાશવાણીની યુટ્યુબ ચેનલ તેમજ આકાશવાણીની અન્ય સોશિયલ મીડિયા ચેનલો પર પણ આ મુલાકાત સાંભળી શકાશે..

# PM -PSU BANKS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બેંકિંગ ક્ષેત્રમાં પરિવર્તન લાવવામાં જાહેર ક્ષેત્રની બેંકોની ભૂમિકાની પ્રશંસા કરી છે. તેમણે જાહેર ક્ષેત્રની બેંકોની નફાની કમાણી દર્શાવતી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ MyGovIndia પોસ્ટની પ્રશંસાકરી હતી. માહિતી અનુસાર, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનો નફો 2013-14માં 10 હજાર 800 કરોડ રૂપિયાથી વધીને 2023-24માં 61 હજાર કરોડ રૂપિયાથી વધુ થઈ ગયો છે.

બેન્ક ઓફ બરોડાનો નફો એક દાયકા પહેલા 4 હજાર 500 કરોડ રૂપિયાથી વધીને 2023-24માં 17 હજાર કરોડ રૂપિયાથી વધુ થયો છે. આ ઉપરાંત ગયા વર્ષે નિફ્ટી પીએસયુ બેંક ઇન્ડેક્સમાં 82 ટકાનો વધારો થયો છે. તેણે મુંબઈ સ્ટોક એક્સચેન્જ સેન્સિટિવ ઈન્ડેક્સને 21 ટકા અને નેશનલ સ્ટોક એક્સચેન્જને 25 ટકાથી પાછળ રાખી દીધો છે...

# COAL-BLOCK

કેન્દ્ર સરકાર દ્વારા કોલસા ઘટકોના હરાજીના 10મા તબક્કાનો આવતીકાલથી આરંભ થશે. કેન્દ્રિય કોલસા અને ખાણમંત્રી જી.કિશન રેડ્ડી હૈદરાબાદમાં કોલસા ઘટકોના હરાજીનો પ્રારંભ કરાવશે. કોલસા મંત્રાલયની યાદીમાં જણાવ્યું છે કે, વિવિધ રાજયો અને પ્રદેશોમાં આવેલા કોલસા ઘટકોની હરાજીના લીધે સંબંધિત વિસ્તારોના આર્થિક વિકાસને અને રોજગારની તકો વધારવામાં મદદ મળશે.

આ કોલસાઘટકો બિહાર, છત્તીસગઢ સહિત આઠ રાજયોમાં આવેલા છે.

# Super Eights T20 World Cup

ICC T20 વિશ્વકપ સ્પર્ધામાં પુરૂષોની સુપર આઠ શ્રેણીમાં આજે ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે મેચ રમાશે. જ્યારે ગ્રૂપ 2ની સુપર 8 શ્રેણીમાં ઇંગ્લેન્ડ અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચે અત્યારે સેન્ટ લુસિયા ખાતે મેચ રમાઈ રહી છે..

દરમિયાન ICC મેન્સ T20 વર્લ્ડ કપ ક્રિકેટમાં, દક્ષિણ આફ્રિકાએ ગ્રુપ 2ની મેચમાં ગઈકાલે અમેરીકાને 18 રનથી હરાવ્યું. 195 રનના લક્ષ્યાંકનો પીછો કરતા અમેરીકા 20 ઓવરમાં છ વિકેટે 176 રન જ બનાવી શક્યું હતું.

# TENNIS- QUEENS CLUB & VENETOOPEN TENNIS

ટેનિસમાં, ભારતના રોહન બોપન્ના અને તેના ઓસ્ટ્રેલિયન સાથી મેથ્યુ એબ્ડેન ક્વીન્સ ક્લબ ચેમ્પિયનશિપની પુરૂષ ડબલ્સની ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી ગયા છે...ટોચની ક્રમાંકિત ભારત-ઓસ્ટ્રેલિયન જોડીએ પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં ઑસ્ટ્રિયન જોડી એલેક્ઝાન્ડર એરલર અને લુકાસ મિડલરને સીધા સેટમાં 6-4, 6-4થી પરાજય આપ્યો હતો.

ઉલ્લેખનીય છે કેબોપન્ના અને એબ્ડેન અગાઉ પ્રતિષ્ઠિત ફ્રેન્ચ ઓપન ટૂર્નામેન્ટની સેમિફાઇનલમાં પણ પહોંચી ગયા છે.. મહિલા ટેનિસમાં, ભારતની અંકિતા રૈનાએ ગઈકાલે WTA વેનેટો ઓપન ટુર્નામેન્ટની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કરી લીધો છે. અંકિતાએ મહિલા સિંગલ્સનાપ્રી-ક્વાર્ટરમાં રોમાનિયાની ઈરિના બારાને 6-2, 2-6, 6-0થી હરાવી હતી. આજે ક્વાર્ટર ફાઇનલમાં તેનો મુકાબલો સ્વિટ્ઝર્લેન્ડની સુસાન બંદેચી સામે થશે.

## . ARCHERY

જ્યોતિ સુરેખા વેન્નમ, પરનીત કૌર અનેઅદિતિ ગોપીચંદ સ્વામીની ભારતની મહિલા કમ્પાઉન્ડ ટીમે ગઈકાલે તીરંદાજી વર્લ્ડ કપસ્ટેજ ૩ ના સેમિ-ફાઇનલ રાઉન્ડમાં તુર્કીને હરાવી જીત મેળવી છે. જ્યોતિ,પરનીત અને અદિતિની ભારતીય ત્રિપુટીએ સેમિફાઇનલમાં તુર્કીને 234-227થી હરાવ્યું હતું. ભારતીય કમ્પાઉન્ડ ટીમ શનિવારે ફાઈનલ મેચમાં એસ્ટોનિયા સામે ટકરાશે..

# CYBER-SECURITY.rtf

ઇન્ડિયન કોમ્પ્યુટર ઇમરજન્સી રિસ્પોન્સ ટીમ અને માસ્ટરકાર્ડ ઇન્ડિયાએ દેશમાં નાણાકીય ક્ષેત્રની સાયબર-સ્થિતિને વધારવા માટે સાયબર સુરક્ષા સહકાર પર એક એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે કહ્યું કે બંને સંસ્થાઓ નાણાકીય ક્ષેત્રની સાયબર સુરક્ષાને મજબૂત કરવા માટે સહિયારી કુશળતાનો ઉપયોગ કરશે.

તેઓ સાયબર ક્ષમતા નિર્માણ, નાણાંકીય ક્ષેત્રની સંસ્થાઓની સાયબર સુરક્ષા વધારવાની શ્રેષ્ઠ પદ્ધતિઓ અંગે તાલીમ કાર્યક્રમો અને વર્કશોપનું આયોજન કરશે. બંને સંસ્થાઓ ભારતના નાણાકીય ક્ષેત્રની માહિતી સુરક્ષાને મજબૂત કરવા માટે વર્તમાન સાયબર ધમકી સંરક્ષણ અને તકનીકી માહિતી અને ગુપ્ત માહિતી અને નિર્ણાયક નબળાઈઓના અહેવાલો પણ શેર કરશે.